બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ ગુણાતીતાનંદ સ્વામી - ભાઈ સ્વામીને (ભાયાત્માનંદ, આત્માનંદ સ્વામી, વૃધ્ધાત્માનંદ સ્વામી) (૧૧/૨૮)
➪ ભાઈ સ્વામીની ઉંમર ૧૧૬ વર્ષની થઈ હતી. તેઓ અણિયાળીમાં રહેતા હતા. ગુણાતીતાનંદ સ્વામી ત્યાં પધાર્યા ત્યારે પૂછ્યું.

૨. ➪ લાધીબાઈ - માતાજીને (૧૪/૩૪)
➪ લાધીબાઈએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો ત્યારે માતાજી પણ સાથે જવા તૈયાર થયાં. તેથી લાધીબાઈએ કહ્યું.

૩. ➪ સચ્ચિદાનંદ સ્વામી - હરિભક્તોને (૨૧/૫૮)
➪ દુકાળના સમયે સૌ હરિભક્તોએ મહારાજને વરસાદ માટે પ્રાર્થના કરી. ઈન્દ્ર કોપ્યો છે માટે નહિ વરસે એમ મહારાજે ના પાડી એટલે મૂંઝાયેલા હરિભક્તોએ સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. પ્રબોધિની એકાદશીનું સત્સંગમાં ઘણું મહત્વ છે. (૧૬/૪૧)

જ. કારણ કે આ દિવસે મહારાજને પીપલાણામાં મહાદીક્ષા આપી હતી. જેતપુરમાં ધર્મધુરા સોંપી હતી. ધર્મદેવનો જન્મ પણ આ દિવસે થયો હોવાથી પ્રબોધિની એકાદશીનું ઘણું મહત્વ છે.

૨. લાડુબા અને જીવુબાનો શોક ટળી ગયો. (૯/૨૩)

જ. મહારાજે દેવજી ભક્તની સમજણની વાત કરતાં કહ્યું આ ભગતની સમજ તો જુઓ જુવાન દીકરો ધામમાં ગયો તો રાજી થયાં ને પાંચ વરસનાં હીરુબા ધામમાં ગયાં તે દરબારમાં શોક મટતો નથી ને અમારો થાળ બંધ થઈ ગયો. આ સાંભળી લાડુબા, જીવુબાનો શોક ટળી ગયો.

**પ્ર.૩ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>સાત</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૭)**

**☞ નોંધ :- જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- પ્રભાશંકર અને દેવરામ (૨૦/૫૭) ફક્ત નંબર :- ૨, ૩, ૫, ૬, ૮, ૧૧, ૧૨**

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. દેહનો નાશ થવાનો સમય આવ્યો હોય ત્યારે જ આપદ્ધર્મનું આચરણ કરવું. પછી શરીર અને દેશકાળ સારા થાય ત્યારે પહેલાંની જેમ વર્તવું. (૧/૧૦)

૨. માછીમારને છ માસની અંદર માછલા મારવાથી જેટલું પાપ થાય છે તેટલું પાપ એક દિવસ અણગળ પાણી પીનારને થાય છે. (૧/૭)

૩. મહારાજ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય અને હું સૌની પૂજા કરી શકું. (૩/૧૪)

૪. શ્રીજીમહારાજે પૂર્ણાનંદ સ્વામીને માનની ઉપમા આપી. (૨૩/૬૩)

૫. રાઘવાનંદ અને વિશ્વાત્માનંદ નામ આપ્યાં. (૧૮/૫૪)

**પ્ર.૫ માંગ્યા મુજબ વર્ણન કરો. (કુલ ગુણ : ૬)**

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૬ (વિવેકી-અવિવેકીનું) (૧૯/૫૫)**

આપણે સામાન્ય રીતે વિવેક અને અવિવેકની વ્યાખ્યા આ રીતે કરીએ છીએ કે જેને કેમ બોલવું, ચાલવું, ખાવું, પીવું, વગેરેનો ખ્યાલ હોય તે વિવેકી અને જેને આવી ગમ ન હોય તે અવિવેકી. આધ્યાત્મિક વિવેક જુદો છે જે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં સમજાવ્યો છે. પોતાનામાં ઘણા અવગુણો હોય છે છતાં મનુષ્ય તે સામી દૃષ્ટિ કરતો નથી, પરંતુ બીજાનો અલ્પ જેવો અવગુણ હોય તે પોતે મોટો કરી બતાવે છે. સૂરદાસે કહ્યું છે, ‘મો સમ કૌન કુટિલ ખલ કામી.’ તેમને હંમેશા પોતાનો જ અવગુણ દેખાતો. આપણો અવિવેક કાઢવા ભગવાનના સાધુ આપણને વઢે કે ટોકે તો પણ તેનો આપણે અવગુણ ન લઈએ અને એમ સમજીએ કે તેઓ મારા સારા સારું જ કહે છે - એમ માનનો ત્યાગ કરી, સંતના વચનમાં વિશ્વાસ રાખીએ તો અવિવેક ટળી જાય અને સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી જગત૦
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી. જગત૦
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મોરારી. જગત૦ (૪/૧૬)

૨. બાળચરિત્રો કરી આપે વન વિચર્યા,
તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો..... (૨૫/૭૧)

૩. श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ।। (૨૨/૬૧)

૪. પોતાનાં લોકોત્તર દિવ્ય ચરિત્રો વડે ભક્તજનોને આનંદ આપતા, પૃથ્વી ઉપર વિચરણ કરતા, અનેક યજ્ઞ કરતા અને અપાર પરાક્રમવાળા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમન કરું છું. (૬/૧૮)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ ભગતજી - સાધુઓને (૧૩/૨૫)
➪ વરતાલના ઘણા સાધુઓએ યજ્ઞપુરુષદાસજી માટે ભગતજીને ફરિયાદ કરી ત્યારે ભગતજી કહે છે.

૨. ➪ કોઠારી (જીભાઈ કોઠારી) - જાગાભક્તને (૧૮/૩૩)
➪ યજ્ઞપુરુષદાસજીએ જીભાઈ કોઠારીને એકાંતમાં જાગાભક્તનો અપાર મહિમા કહ્યો. તેથી કોઠારીને પોતાની ભૂલ સમજાઈ ને ખૂબ પસ્તાવો થવાથી જાગાભક્તની માફી માંગીને કહ્યું.

૩. ➪ શાસ્ત્રીજી મહારાજ - ભાઈલાલભાઈને (૫૧/૮૫)
➪ ભાઈલાલભાઈએ વિદ્યાનગરની આખી યોજના સ્વામીશ્રીને સમજાવી. સ્વામીશ્રીએ બધે ફરીને પ્રસાદીનાં ફૂલ છાંટ્યાં અને આશીર્વાદ આપતાં કહ્યું.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. હરિભક્તો યજ્ઞપુરુષદાસજીને ઊંચકીને બહાર નીકળી ગયા. (૨૮/૫૦)

જ. વરતાલમાં દ્વેષી સાધુઓએ શાસ્ત્રીજી મહારાજને મારી નાખવા સળગતા ચૂલામાં ફેંકી દેવાની યોજના કરી હતી. પણ સ્વામીશ્રીના શૂરવીર હરિભક્તોની હાજરીમાં કાંઈ થઈ શકે તેમ ન હોવાથી સાધુઓ હરિભક્તોને ધક્કા મારી કાઢતા હતા. તે દરમિયાન બીજા હરિભક્તો સ્વામીશ્રીને ઊંચકીને બહાર નીકળી ગયા.

૨. ગોરધનભાઈની વાત સાંભળી ખુશાલ ભગત ચાલ્યા ગયા.

જ. ખુશાલ ભગતે ગોરધનભાઈને કહ્યું તમે પણ બંડિયા સાથે શા માટે ભળો છો ? ત્યારે ગોરધનભાઈએ કહ્યું, 'વરતાલના બે હજાર સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જેવો સર્વપ્રકારે ધન, સ્ત્રીનો ત્યાગી મેં હજી સુધી કોઈ દીઠો નથી. તેની વાતો મને સાકરના કટકા જેવી મીઠી લાગે છે.' આ સાંભળી ખુશાલ ભગતે ચાલવા માંડ્યું. (૨૭/૪૭)

**પ્ર.૯. નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યોના સ્વરૂપમાં) લખો.**
**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. સાચા ગુરુભક્ત (૨૦/૩૫)**

૧. જૂનાગઢ મંદિરમાંથી પ્રાગજી ભક્તને વિમુખ કરી કાઢી મૂક્યા હતા ત્યાં જ સન્માનપૂર્વક પાછા લાવી ગુરુભક્તિ અદા કરવાની યજ્ઞપુરુષદાસજીની ઈચ્છા.
૨. યજ્ઞપુરુષદાસજીની વિનંતીથી આચાર્ય મહારાજે ભગતજીને જૂનાગઢ આવવા માટેનો આજ્ઞાપત્ર લખ્યો.
૩. યજ્ઞપુરુષદાસજીએ સૌ હેતવાળા હરિભક્તોને આની જાણ કરી.
૪. કોઠારી જીભાઈ દ્વારા આચાર્ય મહારાજની જેમ જ ભગતજીની સગવડ સચવાય તેવું આયોજન કર્યું.
૫. આ સમૈયામાં ભગતજીએ ગુણાતીત જ્ઞાનની છોળો ઉછાળી.

**૨. શેષનાગને માથે ખીલી (૩૫/૬૨)**

૧. બોચાસણ મંદિરના દરવાજા માટે વધુ જમીનની જરૂર, ગામ લોકોનો વિરોધ.
૨. બેચર કિસા ના કહેવા આવ્યા પણ અંતઃકરણ ફરતા જોઈતી જમીન આપી દીધી.

૩. સ્વામીશ્રીએ કહ્યું આ ખીલી તે શેષનાગને માથે છે.

૪. ધનજી મતાદારથી સહન ન થતા મારેલી ખૂંટી ઉખાડી તો લોહીવાળી જણાઈ.

૫. બાલમુંકુંદ સ્વામીએ કહ્યું શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી સંપ્રદાયમાં ઉપાસનાની શુદ્ધિ કરી.

**૩. ગુરુહરિનો પ્રથમ વાર જયંતી મહોત્સવ (૫૦/૮૩)**

૧. ચંપકભાઈ બેંકરને સ્વામીશ્રીની ૮૦મી જન્મજયંતિ બોચાસણમાં ઉજવવાનો વિચાર આવ્યો જે સૌ હરિભક્તોએ વધાવી લીધો.

૨. આ પ્રસંગે સ્વામીશ્રીને સવા લાખ રૂપિયાની થેલી અપર્ણ કરવાની વાત થઈ તો સ્વામીશ્રીએ ના પાડી ઠાકોરજીને ભેટ કરવા આજ્ઞા કરી.

૩. આ પ્રસંગે ગોંડલના વિદ્યાધિકારી ચંદુલાલ પટેલ તથા અન્ય અધિકારીઓ, સદ્‌ગૃહસ્થો અને પ્રતિષ્ઠિત સત્સંગીઓએ હાજર રહી સ્વામીશ્રીનાં અપાર ગુણગાન અને મહત્તાની વાતો કરી.

૪. દર વર્ષના નિયમ મુજબ સ્વામીશ્રીએ અમદાવાદ આવી ભાગવત પારાયણનો લાભ આપ્યો.

૫. વૈષ્ણવ શાસ્ત્રી શ્રી વિઠ્ઠલનાથભાઈએ કહ્યું : સ્વામીશ્રી ભાગવત સમજાવે તેવું શ્રીધર પણ ન સમજાવી શકે. સ્વામીશ્રી તો ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

| ☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.** |
|---|

૧. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડામાં શિખરબદ્ધ મંદિરો બંધાવ્યા. (૩૪/૫૯, ૪૦/૬૯, ૪૭/૭૮, ૫૧/૮૪, ૫૪/૮૮))

૨. અક્ષરપુરુષોત્તમને માટે તો શ્વપચને ઘરે વેચાવું પડે તો પણ ઓછું છે. (૪૫/૭૫)

૩. ડુંગર ભક્તને કેટલાક મોટા સદ્‌ગુરુઓની વિનંતીથી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે દીક્ષા આપી. (૯/૧૯)

૪. હે મહારાજ ! અમારે તો જુદા પડવાનો સંકલ્પ જ નથી પણ જો આપ અમને અહીંથી જુદા પાડતા હો તો આપ અમારી સહાયમાં રહેજો અને અખંડ ભેગા રહેજો. (૩૦/૫૩)

૫. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પૂજેલી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ લઈ આવ્યા. (૩૭/૬૬)

૬. શાસ્ત્રીજી મહારાજે અમદાવાદની આમલી પોળમાં નારાયણસ્વરૂપદાસજીને સંસ્થાના પ્રમુખ બનાવ્યા. (૫૫/૮૯)

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૬)**

| ☞ **નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.** |
|---|

૧. **ખરું** - ✔ (૨/૨)

૨. **ખોટું** - ✘ (૪૮/૮૧) **જ. ભગવાનદાસે** સંકલ્પ કર્યો કે, 'પૂનામાં મંદિર થાય અને **શ્રીજીમહારાજનાં** દર્શન થાય તો જ જમવું.'

૩. **ખોટું** - ✘ (૧૬/૩૦)**જ.** શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ **ગઢડામાં મહિધર શાસ્ત્રીને** હરાવ્યા.

૪. **ખોટું** - ✘ (૨૧/૩૭) **જ. ગોરધનભાઈ** કોઠારીએ સારંગપુર મંદિરનો વહીવટ યજ્ઞપુરુષદાસને સોંપ્યો.

૫. **ખોટું** - ✘ (૪૧/૭૧) **જ. સોમા** ભગત વિશ્વાસ રાખી તૂટેલાં દોરડાવાળા પથ્થર ઉપર ચઢી ગયા.

૬. **ખરું** - ✔ (૩૬/૬૪)

**પ્ર.૧૨ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૬)**

| | | |
|---|---|---|
| **૧.** ગ. મ. ૨૧ (૩૮/૬૭) | **૨.** પુરુષોત્તમદાસ (૨૪/૪૩) | **૩.** ગલભાઈ (૨૬/૪૬) |
| **૪.** મહાભારત (૫/૧૧) | **૫.** સાત (૧૦/૨૧) | **૬.** ગુણાતીતાનંદ સ્વામી (૩૩/૫૮) |

❑ ❑ ❑